10-6-25,

અષ્ટાંગ યોગ વગેરે જેના ભ્રાંતિ માયાવશ
મન ભ્રાંતિ ઉભા કરવાનો માર્ગ છે.
આ જ્ઞાન કે વિજ્ઞાન નથી.

સ્વરૂપની સ્વાનુભૂતિ.

જીવન આખર વિચિત્ર કુદરત ખેલ. કોઈ પકડાય ન કોઈ જવાબ ના મળે. જ્યાં અકળ અકળ મહાસાગર ત્યાં બીજુ કોણ શું બતાવનાર?

વિચારો વારંવાર બદલે છે. વિચારોજ ભ્રમ ભ્રમણા ઉભા કરે છે. વિચારો દુઃખ દૂર કરે છે. ભાવના ભાવ પકડવાના, સંપતિ ન રહેવાના કોઈ કોઈને કોઈ.

પણ સતસંગ અંદર ફરી ફરવાથી એ નિશ્ચિત થયું કે જે સત્ ચિત્ સ્વરૂપ છે, જે સત્ય છે એ જ મારા હૃદયમાં પ્રગટ થયું, ઉદભવ્યું. સાક્ષીએ હું સાગર છું, મન છું એ ભ્રાંતિ દૂર કરી અને આત્માના સ્વરૂપને પ્રગટ કર્યું.

આત્મા પોતે માલિક, સ્વ પ્રકાશ છે એમાં એકલતા અંતર એટલે છે એના પ્રકાશ છે. પણ એ આત્માના ઉપર શરીરરૂપ થઈ જ ભ્રમ પડેલા છે, કારણ કે તે આત્માનાં તેજ, સ્વરૂપના દર્શન કરવા દેતો નથી. આ દેહાધ્યાસ નું આવરણ ભેદ એ દૂર થતાં તરત આત્માનું દર્શન થાય - એવો જે પ્રકાશ છે એજ સત્ ચિત્ આનંદ સ્વરૂપ એવું કે એમાં રહેજે ડાહ્યા થઈ.

આત્માનો પ્રકાશ આખા શરીરમાં છે. એ ચેતના થી જ શરીર ભાસે છે, ચેતનવંતું લાગે છે. પણ જ્યાં સુધી આવરણ ઉપર નહીં ત્યાં સુધી આત્મા નો પ્રકાશ અનુભવી શકાય નહીં.

એટલે આત્મપ્રકાશને માણવા માટે પણ દેહાધ્યાસ ભૂલવો પડે. હું આ શરીર છું જ નહીં. આ શરીર નું અસ્તિત્વ છે એ આત્માને લીધે જ છે. હું શાશ્વત આત્મચેતના એવો ભાવ દૃઢ તો આંતરિક દ્વારા પામવાનો એક હડસો! તમારો કયો હડસો?

એટલે શરણાગતિ કરો આ આસક્તિને અહંકાર ના પછી આત્મદર્શન એટલે તરત ભગવાન ના દ્વારા નક્કી જ છે ને? પહેલાં સંસ્કારો ભાડૂઆત, કુંડાળાંનો શાંત. કેમ તો કે દેહમાં જ હું. આત્મા જ હું ને!

આ નિજ સ્વરૂપ દર્શન થાય એ જ સુખ ના પરાકાષ્ઠા. પછી બાકી કોઈ સુખ, વૈભવ, સંપત્તિ, પદ, પાવર ના આવે જે સ્થાયી થાય? એના ચિત્ત ખરા અર્થ કે ના પૂછો વાત.

આત્માનુભૂતિ એ જ સદ્ગુરુની કૃપા છે. એ તો કૃપાસાધ્ય છે સાધનસાધ્ય નથી. પણ તૈયારી ના કરવાની કૃપા કેમ થાય?

# સમજણનો દીવો.

અખંડ દીવો એ તો પ્રતીક છે કે જીવનની અંદર આગ નો, સમજણનો દીવો સતત, અખંડ રાખો. અંધારું થવાનું જ છે.

સમજણ નો દીવો ચાલુ કરો તો જીવન માં અથડામણો, ભટકામણો, અને લોકો સાથે વિવાદો, વિખવાદો નડશે નહીં.

કુદરતમાં ભગવાન નામનું અસ્તિત્વ હોય તો કોઈ પાપ ના થાય
ૐ ૐ બોલવું હોય એ જ નાટકીયતા.

આ પાંચ વિકારો એટલે પાંચ ઇન્દ્રિયો એનાપર દીવાનો (ૐ) પ્રકાશ કરવો છે અને પછી એ ઇન્દ્રિયોમાં પ્રકાશ પર પ્રભુને નિરખો. એ નિરાંતે દર્શન અખંડ રાખે એવી જ કરો! આ છે પાંચ વિકારની આરતી! વિચારજો.

જીવનમાં સમજણનાં સોહાગિયા લાગણી કરવાં હોય તો એ ત્રેવડ, સમજદારી ભરેલ પછી રોટલો ને ઝાઝા આરોગવા હોય?

અરરર! તારૂ પાકીટ પડી ગયું કે — મોબાઈલ સ્માર્ટફોન હોય તો કેટલા ફોટા ફોટો પાડે છે? આ તારું ચિત્ર ભગવાન જુએ છે તેનું શું? હવે તો સમજ ભઈ!

# દુઃખ નો સંહાર.

દુઃખ નો સંહાર કરે સત્સંગ નું સૂત્ર.

સંસાર માં એક સુખ લેવા ~~જતાં~~ જતાં દુઃખો ના ડુંગાર ઊભો છે ને?

આ વ્યવહારજગત નું એક સુખ લેવાં પાછળ હજારો દુઃખો ઉપાડવાં આવે. પણ જો આધ્યાત્મ-જગત નું એક દુઃખ સ્વીકારવો તો પાછળ સુખ જ સુખ.

એક ~~દુઃખ~~ સુખ પાછળ દુઃખો નો સંહાર કરે પણ સમજણ કેળવવી પડે.

જીવન માં પ્રતિકારાત્મક શક્તિ વિકસાવવા નું ઔષધ સત્સંગ. (Immunity ~~Powe~~ Power.) ઈમ્યુનિટી પાવર આપે. મનોબળ એટલું બધું મજબૂત કરે છે કે બધા દુઃખો સામટાં આવી પડે તો પણ ફરિયાદ ન કરે.

કોક જીવ પાસે કહે છે ને ભગવાન એમને શાંતિ આપે અને સાથે દુઃખ સહન કરવા શક્તિ!

આ દુઃખ ના વાદળો કેવા? એવા કુવિચારો કરાવનારા છે, પરેશાન કરે છે, અહંભાવ ભરે, અસમજણ ભરે, અહંકાર ભરે! એવું જે નું ભાન નહીં તો મુંઝાયા કરે છે.

જે ભાગ્યમાં ભગવાનમાં સમજદારી ના હોય તો ભગવાન પણ એના દુઃખનાં પોટલાં ના ઉતારી શકે.

તમારું શરીર કોઈ રોગને માટે ના આપશો.
તમારું મન કોઈ વિચારને માટે ના આપો.
એટલે ચિંતનમ્ પરમ ઔષધમ્
સ્મરણ કર સારું છે, સારું જ થશે.
રામ દમ આશકી નામ.

અર્જુન! આ શરીરને તું ખેતર માની
આમાં કર્મોના જે ખેલ કરવાના. તો પછી
શતરંજના ખેલ જ કર્યા કરજે.
હવે કિરતાર ના ખેલ કરવાના હોય તો
વાતાવરણ કાશ્મીર જેવું બનાવજે.
- તારું મનોવાંછિત શું છે?

નાદબ્રહ્મના ઉપાસના રાખ. પ્રણવનાદ
શ્વાસોચ્છ્વાસ સાથે અનુસંધાન રાખ જેથી
અંતર એ અનાહત કોઈપણ જાતના દબાણ
વિનાનો નાદબ્રહ્મ દશનાદ ગાજે.
અરે ભગવાન તારો તારા માટે ગરજે
છે. બહેરાને ય સંભળાય.

આ ૐકાર નો દીર્ઘ ઉચ્ચાર કરીએ તો
ધીરે ધીરે વિસ્તરતા, અંતર્મુખતા અનુભવાય,
અનુભવ કરતા તો જો. શાંતિથી, એકાગ્રતા
થી એકાંતમાં બેસ. તારું મન ભાગે તેવું
આમતેમ ભટકતું ફરે તો પણ ધીરે ધીરે
શાંત થઈ જશે. અરે ભાગે તેટલું ભાગવું
વિચારવાનું છોડ મન ફરે પણ ૐકારનાં
દર્શન કરતા બેસજે તો મન શાંત થઈ જાય.

11-6-25

આજ આગો ઘરમાં અમકુદનાં
પ્લેનમાં ઢેર સવાર મંગળ આદિ બાળકો હોય
ને લૌકિક દ્રષ્ટિએ ખૂબ ભક્તિવાળા હોય
એમ ગણાવાનું. હવે અંતરો ના અનુભવ છે કે
સાદગીમાં અભાગર આદતો દેહમાં એક
તંદુરસ્ત તંદુરસ્તી જેવો અનુભવ આપતા
ફરે એ અફસોસ!

ને મહારાજ પ્રભુ સહજ મારી કોઈ છે
લોકો ને આદ રાખે જ ફરે. પછી દિવસ બાદ
સંભળાવેલ. પરંતુ ફરમાવે?

અનુરાગના અભાવ વિનો અપમાનાં હૃદય
માં પુગરદ સાબરમતી ના આવારે, જે દેહ
એ દેહાભિમાનનું ગણું તો અમને બેઠાનું કે
અમારી હાલાકીમાંથી એ આગમન પછીડી!

મનમેળ હરસો.

જીવનમાં કારી ફાવરે આપણ કે જ્યારે હોય
ધ્યાન રાખો સંતોષ પર બેસાડ્યું. અરે સત્સંગ
પાઠ એટલે ફરાફરી થાય. ફરીથી
બેઠા ભજન ગાય. પાઠશાળા જ. રૂડુ જીવનમાં
માયા જેમ એમ આરતિ થાય ગાયા એવું
લાગે છે? હૃદયનું સંતુલન આવશે. પછી
શાંતિ હું બેસાડું ... થાય.

મનનાં સંતુલનને સંતુલિત કરવા,
જ્યારે પડશે સાધના, ભજન, દર્શનમાં બેસીએ
ત્યારે મનનું સંતુલન કરીને બેસીએ.

પછી મન સાંકે ન પછે, ના કેમ ન કે
વિચાર ચાલતું છે, શ્વાસમાનું સંચાલન કરતું છે
નિયંત્રણ કર તો પછી મન શાંત થઈ, વિચાર
થઈ જાય વિચાર શાંત થઈ પણ બનાવે
ઉપરામ માં વિશેષ વિચાર ન રહે ત્યાં. એ અભ્યાસ
ઉન્મુનિ કહેવાય. એ ગુરુ દ્વારા શક્ય.
ભક્તિમાં ભાંતિ રાગ તો કરાય પછી પણ
ભક્ત ભાગવત ભાવ, ગાયત્રી બદલાય, પછી
બધા ઉન્માન સમાય. મિત્ર પુરાણાં ના
પૂરવાઈ મને પણ.

ભક્ત તો મન બના બનાવાય છે. માર્ગમાં
મેં બાબત કહ્યાં બાળ? ભાભી બાપા કહ્યું છે શ
તો જ. માર્ગમાં સંદર્ભ વિચારણા
શક્ય તો કિંમત સમજાશે,

જય મહારાજ

પૂર્વના કર્મો કે સંસ્કાર કે સમ
અનુભવ રાખજો. હવે આ વ્યવહારો
સંસ્કાર ના રહ્યા. હવે શ્વાસનું રાખવું આ
જોવું મળતું છે તો ઉત્તર કરજો.

- શ્વાસનું મન પરિસ્થિત કે છે? કે એક
  પછી એક વિચારો ઉત્પન્ન કરે?
- પૂર્વના કર્મો કે બાપજી હવે તો
  બહાર ઘૂંટાવો શાંત કરે છે.

11.8.25

187

નાતત્ત્વં તત્ત્વવિદ આત્મા

પૂર્ણ શ્રદ્ધા, ભક્તિ વડે સતત એનું ચિંતન, મનન કરવું. કારણ શું? પરમાત્મા જે આત્માનું સ્વરૂપ છે તે જ શિવ છે, પરમ કલ્યાણકારી છે જેને આપણે તત્ત્વમ તત્ત્વવિદ આત્મા કહીએ છે.

આત્મા સ્વયં તત્ત્વ છે. પરમતત્ત્વને સમજવા માટે ઉપાસના એ કરવું, તત્ત્વને સમજો. તત્ત્વવિદ આત્મા જ તત્ત્વને જાણનાર છે. મહારાજશ્રીએ દરેક શિષ્યને ઉપદેશ આપ રહ્યાં છે. કે તું તત્ત્વ છું. પરબ્રહ્મ છું. આત્મા તે જ તું છું. તત્ત્વમસિ એટલે તું ઓળખે છું જ નકી?!

નિવેદન કરતાં કરતાં શોધ જે વહે છે એ પરમાત્માનું સ્વરૂપ છો. શાસ્ત્રો આપેલાં શિક્ષણ ને આપણ પ્રશ્નાવલિઓ ભૂલી ભણાવતાં આપ સ્વતંત્ર ભણાવતા હો છો.

પ્રભુમહારાજ કહે છે. "નાનું પદ ત્યાગપદ ત્યાગ" નાનું એટલે તે અંશ એટલે છે. અશિષ્યપદમાં શિષ્ય કાર કે તે તું પોતે છું એવો અનુભવ આપે. ભણવું છે ખબર? એમ સાક્ષાત્ શિક્ષકે લઈ તારામાં તું તેને સ્વીકાર કરી લે. આ આત્મિક શરણ આપ્યા હતું.

હવે જો શંકા થાય કે હું તો આત્મા,

સાચો, અને આટલાં બધાં સપનાં ઊર્મિઓવાળો હું
હું ભગવાન કેવા હશે? કેટલાં મોટાં કામો
કરું છું પામર હું.'

તો, સ્વામીજીએ ઊર્મિ પર સમજણ
કરી આપી, ને નિજસ્વરૂપ ને પામર શીખવ્યા.
જેમ ઉપકારવશતા ને તોરતે સમજાવ્યું કે
તારું સ્વરૂપ આત્મતત્ત્વ છે. શરીર તું નથી
તારું પણ નથી!

તમે કોઈ સામાન્ય જીવ નથી. તમે આ
જગતનાં વ્યવહાર પણ નથી. જગતનાં વ્યવહાર પણ
એનું વ્યક્તિત્વ પણ તમારું નથી જ અને તમારું
શરીર પણ તમે નથી, કે તમારું પણ નથી. શરીર
નું અસ્તિત્વ તો ક્ષણિક છે, ઉપયોગ કરવાનું છે

તમે છો મારા તત્ત્વ સ્વરૂપ આત્મા!
એ પરમાત્મા તું પોતે છું!

આત્માનું સંધાન કેવા રીતે કરવું?
પરિસ્થિતિ, મન કે શરીર, વાતાવરણ બાધા
પાડે તો હવે એકાગ્ર કેમ થવું?

પહેલાં ધ્યાન માં બેસો. પછી શરીર ને
જુઓ તે શાંત થતું જશે. હવે મન ને જુઓ.
ઇન્દ્રિઓને પહેલાં જોઈને શાંત થવા દો.
ખૂબ ઊંડા શ્વાસ લો, ઉચ્છ્વાસ લો. શાંત એકદમ શાંત
હવે મૌનમાં પ્રવેશ કરો.

આ શરીર હું નથી.... મન નથી.... .
હું.... નથી.

પરમાત્મા વ્યાપક છે, અવ્યક્ત છે, સૌ જાણે છે.
વ્યાપક બ્રહ્મ કલ્યાણ જેવું નથી, કશું કરતું નથી,
તેનો ભાગ ઘટતો જ નથી!

આ શરીર એ એક અવસર છે. પ્રસંગ છે. ઇ તત્ત્વો મહેમાન જેમ આવ્યા છે. પાંચ તત્ત્વો અને ઇન્દ્રિ પ્રાણ: પ્રસંગ પૂરો થયે તો મહેમાનો જાય. જીવનની આ વર્તમાન ના અંદર નું પરબ્રહ્મ છું.

188 પરમતત્ત્વ નું રહસ્ય

શરણ અને સાનિધ્ય મા મારું સ્વરૂપ પ્રાપ્ત થયું, આત્મા જાગૃત થયો, અંતનો અનુભવ થયો. પારાવાર પ્રાપ્તિ થઈ. મહારાજે બોધ આપેલો 'બેટા! તું તત્ત્વમસિ નું એ તત્ત્વ છે. છાંદોગ્ય રહસ્ય નામ માં એક તત્ત્વમ છે. તે તત્ત્વમસિ તું છું.

અનાભિજ્ઞાત નકલ દાગીના ન બને. દુકાનદાર સાચવીને બોલાવે કે શેઠિયા આવો કેમકે એ ના જાણતા છે. તેમ ભમતી નીર ને બોધ આપે છે તત્ત્વમસિ. તે મારા માં તત્ત્વ છે એ તારા માં છે. જે હું છું એ જ તું છે.

યોગવાસિષ્ઠ માં ભગવાન રામ મૌન થઈ ને બેઠા છે. વસિષ્ઠ મહારાજ બોધ આપી રહ્યા છે. સત્સંગ થઈ રહ્યો છે. રામે પ્રશ્ન પૂછ્યો કે પ્રભુ! આ ગુરુ શું ને શિષ્ય

શું? તમે કોણ અને હું કોણ? વશિષ્ઠજી એ
એવું સરસ ઉત્તર આપ્યો, રામ, તારા મન નો
માનેલો હું ગુરું અને મારા મન નો માનેલો તું
શિષ્ય. મનચાર. બાકી આ જગતમાં કોઈ કોઈ
નો ગુરુ નથી અને કોઈ કોઈનો શિષ્ય પણ નથી
તત્ત્વમસિ તત્ત્વમસિ અજ્ઞાન આત્માને
દૃશ્યાવાચક ઉપનિષદ કહે છે કે બધામાં
હું જ બેઠેલો છું. આ બધું... મારું જ સ્વરૂપ છે.
ઉપદેશ આપનારા ગુરુઓ કોઈ જ એમણી બાજુ
શિષ્ય પાલન કરી બેઠા છે- આત્માનો આત્મા
નો સંગ કરીએ એનું નામ સત્સંગ. સત્સંગ
દ્વારા એક આત્મા સુધી પહોંચવાનું છે
એજ તરફ નયરૂપમ્ છે.

સુખ-દુખ તો શરીર નાં, મન નાં છે. પણ
આપણે પારકાને પારકા ન ગણીએ. બોધ કહે છે.
તત્ત્વમસિ - તું આ શરીર-મન નથી. તું છું
આત્મચેતના. શરીર માં રહેલું જે પરમતત્ત્વ
છે તે તું છું. પરમચેતના તો શાશ્વત છે
અવિનાશી છે, અમર છે. એને કશું નથી થતું
સંતો મહાપુરુષો પોતાના શરીર-મન ના
પારકાપણ દરકાર ન કરે તેને પારકી માની
પોતાના આત્મા નાં સ્વરૂપ માં મસ્ત રહે
એ રીતે શરીર નાં તરફ નાં ભયને દૂર રાખે.

હોશે નરક સ્વર્ગ, એજ મોટામાં મોટું નરક છે. નર્કમાં શું હોય? દુર્ગંધ, મળ, પરસેવો, કીડા, ચામડાં, લોહી, માંસ. આ તો દરવાજે એ સારું ચામડું આવ્યું તો ઉપાડી માને! પાછાં બેઉ આવશે, પંપાળ કર્યા કરે!

તો મહારાજ શરીર નાં નરકના રહેવા આપણાં આસક્તિ છોડાવે, ભોગ, મોહ બધું છોડાવે.

184. આત્મારામશરણમુનવો.

પૂર્ણબ્રહ્મ, આત્માના અંદર સંપૂર્ણ વિલયન, બ્રહ્મ ક્યાનું એનો સહેજ પણ ભાન ન હોય એવા ઉંચામાં ઉંચી અવસ્થા, ના દુન્યવી ચિંતાએ કે ના વ્યવહાર, ના શરીર આત્મા! બ્રહ્મ સ્થિર જ નહીં.

સ્થિર ચિત્તવાળા થઈને વિલીન થશે. સ્થિર એના ચિત્ત. કોઈ દશ્ય વગરના સ્થિર સ્થિર એટલે ચિત્તાંતર. એના વૃત્તિઓ પણ સ્થિર. અંદર બહાર જ જેવું સજાગ ઓતપ્રોત કેવળ આત્મામાં એના આત્માનુભૂતિ પૂર્ણતાથી થાય.

અર્થાત્:- શરીરના દેહાધ્યાસ સંપૂર્ણ ઉપાડીને ફેંકી દે. હું શરીર છું જ નહીં. હું આત્મા છું. એવું ઉંચી અવસ્થામાં આવે.

તત્ત્વ પણ તું છું તત્ત્વને ભજવાવાળો

પકડાવું છું. તું વિચાર કરજે.
તમે વાત્સલ છો પણ એમને સમજાવું કેવી રીતે?
રાજા જનક ના સભા માં અષ્ટાવક્ર ગયેલા
શણગારેલા સોનાના. સાચી વાત કે આકૃતિ
શું છે. જે જુએ તે હસી પડ્યા. ત્યાં અષ્ટા-
વક્રજીએ વિચાર્યું ને આ સભા આખી કે અહીં
ગયેલ હસી પડ્યા આખા યે ત્યાં! અહીં ખુબ
હુંશિયાર હતા, કોઈ સામાન્ય નથી થઈને
ઈનામ કેમ હસી પડ્યા.
અષ્ટાવક્રજીએ કહ્યું જેને આકૃતિ સરળ
કરવાનું હોય તે મારી સામે આવીને ઉભો
રહી જાય!
આકૃતિ એ અસ્થિર છે. એ આભાસ કંઈ
છે જ નહીં. આકૃતિ એ સત્યનો વિષય જ નથી.
અને જો એને સત્ય કરવા જાવ તો
અનેક રીતે જાય છે, ફેરવી દઈ જાય છે.
માટે 'હું આકૃતિ પર જુદો છું જ નહીં'
એ જ જ્ઞાન છે.
બોધ આપતા. 'એનું શરણ કરવા
માટે ગુરુચરણે સતત એનું ચિંતન કર
મનન કર સહવાસ કર કે કેવું? વાત્સલ્યમૂર્તિ.
હું ત્રિકાલ નું વાત્સલ મારો છું'
વિષ્ણુદાસજી મહારાજે કહ્યું
વાત્સલ નું હોવું ત્યજી નથી? તું વાત્સલ્યમૂર્તિ
સ્વસ્વરૂપ ગયો, વિસરી, સિંહ એના પ્રાણ

સાધકો દાદા ચેતન કરે, જો (અજ્ઞાનસાર) જ્ઞાન માં
સમજાવે,
તો ફરિવહુરૂ સંપ્રદાયા વાકી પુરુષપદ પોકાય.
પુરુષપદ એટલે આત્માનું પદ.
સાધકો દાદા અજ્ઞાનસાર ની અંદર એને
ફગાવીદો હું ઘેટું નથી! હું સિંહ છું!
હું જીવ નથી! હું બ્રહ્મ છું!
હું શરીર નથી! હું આત્મા છું!
હું જ પરમતત્વ, પરમાત્મા છું!

151 ભવભયહરણો
ગુરુ મહારાજ શાંતશાંત અને પ્રેમમૂર્તિ છે.
શિષ્યો ને, આશ્રિતો ને, સેવકો ને આત્માનું
જ્ઞાન, આત્માનું સંધાન કરાવતા રહ્યા છે.
વેદ માં ચાર મહાવાક્યો નું એક
મહાવાક્ય છે 'તત્વમ્ અસિ'
માણસ જન્મે છે ત્યાર થી જીવન માં
કેટલાં ઉલ્લાસ રહેલાં ભય નાં અંધકાર ના રોગ
ભરેલો હોય છે. કોઈક બાળક એવા જીવન મા
ઉભેલા રહેલા હોય છે. એ બાળક નું કારણ?
એ કારણ ને જ ગુરુ મહારાજ નાશ કરી રહ્યા
છે.
કારણ જ ઉખાડી નાખો એટલે એ કાર્ય
જ ના થાય.
કારણ કાર્ય નો સિદ્ધાંત છે.

ફારફગ વગર કાંઈ થઈ શકતું નથી.
લેખક ફક્ત ભગવાનસ્વરૂપ કરતાં. તેઓ સામાજિક નું જ્ઞાન આપે છે. અજ્ઞાન અને અંધકારમયજીવનો ચિત્તશાંતિ મન માંથી ફાડી નાખે. દરેક ચિંતાઓ નો નાશ આપોઆપ થઈ જાય.

વ્યવહાર નો ભય, શરીર, અંતર પીડા રોગ નો ભય ભાગે, ક્લેશ ના ભાવ ભાગે. આમ જીવનભર કંઈક ને કંઈક ફસાયેલ, ક્યારે શું થશે એવા ભાવ પર માણસ સતત ભાવ નો માર્ગે જીવતો રહેલ

આ જીવન ના અંદર જે બધાં ભય-સ્થાનો છે અને દૂર કરનારા આપ જ છો. અંધકારમય જીવાં સુખ દુઃખ ના ભય ત્યાં સુધી ક્લેશ, દુઃખ, અશાંતિ, ઇર્ષ્યા, રાગ વગેરે રહ્યા જ કરે. પણ આ ભક્તિરૂપી ના સંગાથે. જે પ્રાપ્ત થઈ જાય. ભગવાન ને કહું ના રહે. તેઓ આપણને ભવસાગર માંથી બહાર કાઢી લે. પણ કોને ખબરવું છે ?

કામ, ક્રોધ અને લોભ એ ત્રણ વિનાશ. દુર્ગતિ નાં દ્વાર છે. આ ત્રણેય ને છોડી એટલે પ્રભુ માં શાંતિ થઈ જાય. સમજણ કેળવણી ને સદ્ગુણ બનો.

192 સાચી સમજણ.

આ જીવન ના અંદર જે નરક યાતનાઓ છે એ બધા વ્યવહારિક છે દુર્ગતિ છે. આત્મબળ

તો આધાર પર છે. એટલે કહ્યું તત્વમસિ
તો 'આત્મપદમાં સ્થિરતા' તારૂં મન, તારી
બુદ્ધિ એ 'હું છું' એના અંદર દઢ કર.
આત્મનિષ્ઠાથી કેળવ અને આત્મપદમાં.
તારા આત્મપદમાં સ્થિર થઈ જા.

હું આત્મા છું, ચૈતન્ય છું. આ જે શરીર તે હું નથી. મારા વિચાર આ જે શરીર રહે શકવાનું નથી. શરીરમાં જે કંઈ ચેતના છે તે હું છું એ રીતે દઢ થા. નિશ્ચય કર હું નિત્ય છું પરમતત્વ તે હું છું, શાશ્વત છું.

તારા નિજ સ્વરૂપને સતત સ્મરણમાં રાખજે. તારા આત્મસ્વરૂપને સતત સ્મરણ માં રાખ.

આ આત્મતત્વના સિવાય આ શરીર બદલાતું રહે છે, બુદ્ધિ એ બદલાયા કરે છે. વિચારો, વિષયો પણ બદલાતાં રહે છે. પણ અંદર જે ચૈતન્ય છે એ શાશ્વત છે, સ્થિર છે. એ બદલાતો નથી. બાળપણમાં પણ હું હતો જ, યુવાનીમાં પણ હું જ છું. દરેક અવસ્થામાં હું તો છું જ. હું જ એનો દષ્ટા સાક્ષી છું.

શંકરાચાર્યે કહ્યું 'કોણ નરક કહ્યું? તો કહ્યું સ્વદેહ. એટલે આત્મા છું. સ્થૂળ શરીર કે ભોગ હું નથી એવો સંયમ રાખો. આ શરીર ને પરમાત્મા નો આધાર છે તો છે.

૧૫૩. તું તારા સ્વરૂપને ઓળખ.

જ્યાં સુધી આત્મા તત્વ મિળ્યો નહિ?
ત્યાં સુધી સાધના સર્વ જુઠી

એ તત્વ તું પોતે છું. તો જે ઉપયોગમાં આવવાનું તત્વ છે એને સત્ય કહેવું. એને સમજ, ઓળખ, ~~માંડીને~~ પરિચય કર. એનો સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી સમજ. એ સ્થૂળ નથી, એ સૂક્ષ્મ ચેતના છે. જે આરોપણ કહેવાય. પ્રત્યક્ષ મળે નહીં પણ એનો સ્વીકાર કર.

જાતે જોઈશ તે પ્રત્યક્ષ થશે ત્યારે. પણ હાલ એના અનુભૂતિ તો અત્યારે પણ થાય.

જે મન જોઈએ જોયું નથી પણ એનો સ્વીકાર કરે છે ને! એવા રીતે આ આત્મતત્વ તું પોતે છું. તું અળગ છું જ નહીં! એ સૂક્ષ્મ આત્મચેતના નથી દેખાતા, અવ્યક્ત છે. છતાંય એ પોતે હું છું

આત્મતત્વ અંદર બેઠેલું છે શાંતિથી એકાંત માં બેસીને વૃત્તિઓ અંતર્મુખ કરવી નિશાંતે શોધવા માંડ. હું કોણ છું, હું શું છું, બેસીને એનું મનન ચિંતન કરતાં શરીર ના આવેગો જે સ્થૂળભાવ છે એને જુદા પાડી જશે. અને આત્માને અનુભવવા શકાશે. જોઈ અને જાણી શકાશે. શરીર નાં માધ્યમ થી સૂક્ષ્મ-ચેતન તત્વ ને ઓળખાશે.

જેટલાં જેટલાં વિચાર છે ત્યાં ત્યાં મન છે. વિચાર વિના મનનું અસ્તિત્વ પકડી શકાતું નથી. "પાર પડશે કેમ જાગશે, જ્યારે મન માં મન સમાશે" યોગેશ્વરો એને ઉન્મનિ કહે છે. આત્માએ પોતાના સ્વરૂપ નું અનુસંધાન કરવાનું. મનને ચૂપ કરી દો. આમ જે ચૂપ અવસ્થા એ જ તત્ત્વમસિ, ત્યાર પછીથી એ તત્ત્વ ને સમજતા હશો, અનુભવતા હશો કે આત્મ તત્ત્વ મારામાં છે.

મારા શરીર માં આત્મા છે એમ નહીં પણ હું પોતે આત્મા છું અને આ શરીર મારી સાથે છે. ત્યાં જઈને ઊભા રહો. આખા શરીરના અંદર એક એક કોષમાં એ ચેતના છે. પછી એ જે વ્યાપક ચેતના છે એનો અનુભવ કરો. હું આત્મા આ દેહ ના દરેક કોષ માં વ્યાપ્ત છું. સહેજ પણ વહેમ નો અવકાશ રહેતો નથી. તો આ પરિચય કરાવી દીધો આને ગુરુગમ કહેવાય તેને બરાબર પકડો અને અંદર આત્મચેતના નો અનુભવ કરી લો.

194. નિત્યવંદન કરનાર ને પરમાત્મા સ્વીકારે છે. સદગુરૂ જાહેર છે. શરૂઆતમાં જીવન નો કચરો જ ઉભરાશે બહાર આવવા માટે. પછી ને રહી શકતો નથી. વિચાર શાંત એટલે અહંકાર અજ્ઞાન ને ભાગવું જ પડે. આંખ માં, કાન માં, મોઢામાં, દિલ માં, મગજ માં બધે કચરો જ છે નહીં. એ કચરો ન હોવાથી ત્યાં સુંદર સ્વરૂપ અંદર દેખાતું નહીં. જીવન ને શોધવું કરવાની શરૂઆત કરશો તો પહેલાં કચરો જ હાથ માં આવશે.

હું કેવો પામર છું! મારામાં કેટલા બધા દુર્ગુણો છે. આમાં ન પડશો. મહારાજે કહ્યું છે તત્ત્વમસિ. તો પછી તે જ સત્ય છે તેને પકડી રાખો.

હવે આ વિચાર સત્યના સંસ્કારો આપણા શરીર-મનમાં પડતા જ જશે, તે જ પાર લઈ જશે. હું આત્મા છું એમ થોડું થોડું રોજ વિચારતાં થાવ. તો એક દિવસ જરૂર જાગૃતિ આવશે.

તું પૂર્ણાત્મ બ્રહ્મરૂપ છે. તું પુરાતન બ્રહ્મ સ્વરૂપ છે. તું શાશ્વત બ્રહ્મ છે. ગુરુ એ કહી દીધું છે.

195 સ્વનિરંકારણ.

હવે તો એક જ લક્ષ્ય અધ્યાત્મ. મહારાજે મને જાગૃત કર્યો સ્વરૂપ સમજાવ્યું 'એ તું છે' એટલે તે રૂપમાં રહેવું. ધ્યાન પૂરું કરો ત્યાં જ વ્યવહાર શરૂ થાય છે, વ્યવહાર એટલે સંસાર. રાગ-દ્વેષ ક્લેશ અને અશાંતિ. પાછા પડવાનું નહીં. હવે તો એકલા રાખો. આત્માને જ. સમજણના ઓજાર સાધના અભ્યાસનો સંસ્કાર કરો.

જ્યાં સુધી આત્મભાવ ન થાય ત્યાં સુધી જ ગુરુ, વિગ્રહ માં આગ્રહ. પછી તે પરમ તત્ત્વ કે આત્મા. તત્ત્વ નિર્વિકલ્પ છે, નિરાકાર છે વ્યાપક છે. જેમ માટલા પાણીમાં તેમ તું બ્રહ્મમાં રહે. એટલે એક દિવસ પુરાતન બ્રહ્મ થઈશ. હવે કોઈ ક્રિયા જ નહીં. આશા જ નહીં હવે તું સ્વયં બ્રહ્મ છે તેમાં કોઈ વિકાર જ નથી.

તેને ઉભા રહેતાં જોઈ ઈશ્વર કહે હું આત્મા છું બ્રહ્મ છું
એવું ભાવ બનાવી દેશો. ઉઠતાં બેસતાં સ્મરણ ચાલતો કે
હું બ્રહ્મ છું. હવે વૃત્તિઓ આપોઆપ જ ઠરેલ.
પારકાને પોતાના બોધ રાખ સ્વ માં થા સ્થિર.

198 પ્રજ્ઞાનમ્ બ્રહ્મરૂપમ્.

ઈશ્વર અને આપણાં વચ્ચે સહેજ પણ અંતર છે જ નહીં. સમય નું પણ નહીં અને સ્થાન નું પણ નહીં.! એકાગ્રતાપૂર્વક ધ્યાન પર આવો. અભ્યાસપૂર્વક વૃત્તિઓ અંતર્મુખ કરી જુઓ તો અંદર કેવું છે? આમ સ્વરૂપ જાણવા, સમજવા અને પામવા અંદર પુછ્યા કરો હું કેવો છું? હું કોણ છું? ક્યાં છું?

એ રીતે સતત અનુસંધાન માટે પ્રયત્ન કરો. ના દેખાય ના સમજાય તો પણ છોડશો નહીં. ચોક્કસ એક દિવસ અનુભૂતિ આવશે. તું ત્યાં પહોંચ કે જ્યાં ત્યારે પહોંચવાનું જ છે. કોઈના કે કશાના રોક જોઈશે નહીં પરમાત્મા બ્રહ્મ એ જ તારું સ્વરૂપ છે. બ્રહ્મ નિરાકાર છે છતાં એનો અનુભવ થશે. બ્રહ્મ નિજાત્મા માં સદાય તત્પર રહે છે. બાકી બધો નઠોર દુરાચાર છે.

છતાં શરીરે વિદેહી થયા. આ સ્વ સ્વરૂપનું દર્શન છે.

પરમાત્માના જ પ્રતિક એવાં આપણાં બાળક છે.
જો દુરાચાર માં આટલાં ઝઘડા થાય છે તો પછી
સદાચાર ના માર્ગે કેમ જવું?

બાળકને ઓળખાણ. બાળક એટલે દિવ્ય
કે હું ક્યાં જવા નીકળ્યો છું? ક્યાં જવું છે? જો
પોતાનું બાળક - પરમાત્મા જ અંદર રાખ્યું તો પછી
ત્યાં સમસ્યા પહોંચશે જ ક્યાં. બાળક આગળ રૂપ એક
થાય એના માટે પ્રયત્ન કરવો પડે.

જો શાસ્ત્રોને કહ્યા પ્રમાણે જોઈએ તો
ને સહેજ ખોટી થઈ તો વિચારવાળું પણ ચોરી એને
મારે જ નાખશે. માટે બહાર જવાનો કે જોવાની
દૃષ્ટિ જ નથી. દૃષ્ટિ આરોપિત સંસ્કાર. બાળકને
પોતાના માં સંસ્કાર. પિંજરા માં નથી જવું!
દરેક માં નો પ્રસાર પડે છે. એટલે ત્યાંથી
દૃષ્ટિઓને બહાર વાળવા લાગ્યા. હવે આટલે તો
આવ્યા ગયાં બાકી કેટલું રહ્યું? પ્રસન્ન થઈએ.

199 - પરમ પદ નિકટ

પદ એટલે સ્થિતિ. જેને આત્મપદ કે
બ્રહ્મપદ કુટુંબ કહો. બ્રહ્માંડ-સ્થાન માં સ્થિર
કરવો. અને ઓળખાવો એમાં ને એમાં ટકાવી
રાખવો એમાં તો આનંદ આનંદ મળે!
મનના રાગદ્વેષ, દુર્ભાવના સ્થિતિ માંથી
ઉપર ઉઠો.

પછી આવશ્યકતા શી? આપણી
દૃષ્ટિઓને સંકેત લક્ષ્ય તરફ પ્રયત્ન કરો.

પૂજ્ય તું મને સહકાર કરજે. મારે સંસ્કારવાન સદાચારી થવું છે. આત્માનુરૂપ થવું જ છે. મારી પ્રાર્થના સાંભળજો. સહકાર કરશે. આપણને ફકત તો રોજ મળવું જ જશે. આપણે જીવન સાથે ઊર્મિ ભળશે. સત્સંગ પચશે. મગજમાં જે અસમજણ હોય છે તે દૂર થતી જશે. જો સ્વાભાવિક ન થાય તો નિયમિત આધ્યાત્મિક ક્રિયા કરજે. એના શુદ્ધીકરણ કરજો અને અંતઃકરણ શુદ્ધ થશે. મન નો મેલ ધોવાશે. અને આત્મવિશ્વાસ આવતા ઉન્નત રહેશે. દરરોજ અભ્યાસ કરજે. અવસ્થા ઉદ્દેશમાં બદલાઈ જશે. ઓળખાણ થી આત્મપદ. કેવું સારું છે? એ જ મારું પદ છે એમ કહી અને એ હું પોતે જ છું. ઉમેરવાની જરૂર નથી. આમાં અસમજણ ના પરિપક્વતા વધારવાની છે.

૨૦૦ - સ્વરૂપ ધર્મ ડૉક્ટરેટ.

જેના વાંચન માં તેજ પુરે તે આત્માનો ઉપદેશ બોધ આપી શકે. જેમ મહારાજ તો પરમ વિદ્વાન સંતો છે, શાસ્ત્રજ્ઞ છે, પંડિત છે. એમાં વિદ્વતા છે તેથી તે વિદ્વાન વાંચન વડે સંભળાવી શકે. જેના પાસે આત્મતત્વ હોય એ બીજાને આ તત્વ સમજાવી શકે. જેના પાસે જે હોય તે જ બીજાને આપે.

જેનું ચિંતન, જેના વિચાર, વિચારો તત્વ માં જ રમતાં હોય તેના સાથે વાત મારે

તત્વના જ થાય - તે કહે તત્વમસિ. જુઓ!
તું બીજો કેમ? સ્વરૂપ કેમ રહેવા છું? તું પોતે
જ તત્વ છું, તત્વમાંથી જ તું છું. તત્વમાંજ
તું છું.

**ઋષિઓ એ ઉપનિષદ** માં કહ્યું ભગો
દરેક જણને પૂરણ કરો. ફૂલે દરેકના બોધને આપશે
ફૂલે શોધશે. સંશોધન તો કરવું જ પડશે. તત્વમસિ
બોધ નો અભ્યાસ. આવશ્યક સમજને ગોઠવી દો.
વારંવાર સ્મરણ કરો કે હું તત્વમસિ છું. જ્યારે
જ્યારે કોઈપણ વિકૃતિઓ, વાસનાઓ સામે આવે
કે અંદર ઉભરા થતાં લાગે ત્યારે સ્મરણ કરો
તત્વમસિ! પછી આ સંસ્કાર જીવન માં થતાં
કોઈ પણ ભૂલ માંથી પાછા વાળવા લાગશે.
શાસ્ત્રો એ સદ્ગુરુ પ્રકટ થશે. દેહ માં નિત્ય
સ્ફૂર્તિ કરે છે તેમ અંતઃકરણ ની સફાઈ કર.
આ જીવન કેવું જીવશો? આ દુનિયા
કેટલી સુંદર બહાર પણ અંદર નું વાસ્તવિક
જીવન શોધવાનું કોઈ ભેદ છે. ભગવદ્ગીતા
ના જીવન માં કેમ આ વિરાટ અનુભવાશે.
જીવન માં કેટલાં જ્યારે એમ થાય કે હું બધું
ભણ્યો છું, મને જીવતાં આવડ્યું. ત્યારે સમજવું
કે અભ્યાસનું જીવન સાર્થક થયું!

201. પરમાત્મા નું શરણ - સ્મરણ

ભગવદ્ શરણ અને ભગવદ્-સ્મરણ વિના જીવન માં નિર્ભયતા આવતી નથી. દુરાચાર અને જીવન નો ભય થી ભરપૂર છે. વ્યવહાર માં અનેક દુર્ઘટનાઓ નો ભય રહેલો છે. તથા તું ભલે બચાવ શકતા નથી ગુરુ ગુરુજનો વેદ ફરમાવેલાં અને સંતો ના સહાય બતાવેલા કેમ? ઉપાય શરણાગતિ અને સ્મરણ તેમજ પાંચેય પ્રકાર નાં કિલ્લા જેવો. પરમાત્મા તો સર્વ શક્તિશાળી, સર્વજ્ઞ ચેતના છે. શરણે આવેલાં નાં બધા જ પ્રકાર નાં ભય દૂર કરી દેશે. પ્રભુ તો નિર્ભયતા ના ભંડાર છે. તમને ઈશ આપશે. તે એક મંત્ર યાદ રાખ: તું માણસ નથી. તું આત્મા છું. તું જડ નથી તું ચૈતન્ય છું. તું મૂર્ત નથી તું અમૂર્ત છું. તું અમૃત છું શાશ્વત છું અક્ષર છું.

એટલે એમ તત્વમસિ કર નિર્ભય થા. તને મારા ભગવાન જ બચાવે છે. હવે બીક શાની? નિર્ભયતા તો આપણા માં પોતાના માં ઊંડા પડેલા ભય જ બહાર આવે છે. ઋષિઓ એ સતત તત્વ ને બરાબર સમજીને નિર્ભય થયા. તું પણ એમ જ કર. આમ નિર્ભય દશા માં આવ. તે તત્વ તું જ છે.

૨૦૮. ચૈતન્યથી શિવ્યાત્મદશે.

પૂજા એ જ બ્રહ્મ સ્વરૂપ છે. એ પરમાત્મા જ બ્રહ્મમય બનાવે તેથી જ આત્મપ્રતીત થાય. ચૈતન્ય ચિદાનંદ સ્વરૂપ પરમાત્માનું છે એમાં જ આપણે પળપળ રમવાનું છે. એવા સુંદર આત્માના અવલંબન થકી તેવાં સુંદર જ મૂર્તિપૂજાના આદેશ છે. તમે શ્રદ્ધા-ભક્તિપૂર્વક પૂજા કરો, અર્ચના કરો, ભક્તિ કરો, પરંતુ જ્યારે આત્મામાં શ્રદ્ધા દૃઢ થઈ જાય, ત્યારે આત્માને પ્રગટાવી સમજી તે પર પછી આત્મપૂજા કરો જેને લીધે એ પણ સર્વશ્રેષ્ઠ પૂજા કહ્યું છે.

અરિહંત પદ સુધી પહોંચવા માટે પણ સદ્ગુરુના આવશ્યકતા પડે છે. અહીં તો એવા મહારાજ વિરાજે અરિહંતપદ ના આપણામાં બિરાજે છે. શરીરમાં પાંચ ઇન્દ્રિયો, પાંચ કર્મ, પાંચ તત્ત્વો એમ બધું મળીને એક કુટુંબ થયું. પણ શરીરને પ્રકૃતિ કહી અને આત્માને બ્રહ્મ કહ્યો. તે એક જ પુરુષ જે પરમાત્મા કહેવાય છે.

પ્રાણિમાત્રમાં હું સમાયેલ: દરેક શરીરમાં આત્મા-પ્રાણ સ્વરૂપે હું પોતે જ છું: ગીતાજીમાં, અને પરબ્રહ્મ પણ આત્માને પુરુષ કહ્યો છે અને શરીરમાત્રને પ્રકૃતિ કહી છે.

તમારી પ્રકૃતિ કેવી છે? સારી છે? કુદરત છે ને. એટલે જ્યાં સુધી એ કેવળ ન થાય ત્યાં સુધી આત્માનો કેવળભાવ ઉપજે. પ્રકૃતિ પાસે આત્માના ભક્તિ કરાવતા કરાવતા એ કેવળ થાય.

જેમ પરિપક્વ વયે વ્યવસાય થી નિવૃત થઈએ
છીએ તેમ વ્યવહારમાંથી પણ નિવૃત થાઓ.
આદત પાડો. કારણ કે વ્યવહાર હંમેશા બાધક
છે અવરોધક છે. એ સમજશો ત્યારે આત્મા
ને ઓળખનારા બનશો જાત ને ઓળખ હું
આત્મા છું. એવું ચિંતન કરવા જેવું છે. આજ
કેટલાં સાધક વૃદ્ધો કેટલાં સાધકો ભૂલમાં હજી
જીદ ને ઉભો રહીશ.

અદ્રશ્ય નિયતિ આપણા હાથમાં જ છે. તેના
આધાર-ઉપર કશું નથી. આજે હવે તો મારો
~~ફક્ક~~ ફક્ત છે. ફક્કડ છું.

વૃદ્ધત્વ જ્યારે પણ અનુભવાય ત્યારે
માણસ ઢીલ થઇ જાય, અશક્ત થઇ જાય. વૃદ્ધો
માં બોલવાનું કોઈનું જ નથી. એકદમ ચૂપ. એટલે
ઓછું ને બોલાય તો. બોલે તે ખોટું થાય. બોલવા
જાય તો સાંભળનારો અને બોલવાનો વિષય દૂર
જુદા પડી ગયા. એકલતા એકાંત જ વાત છે.

જેવા મહારાજે કહ્યું તત્વ તું છું. એવું
ગીતા, નિગમ, ઉપનિષદો, વેદો પણ કુંભારો વાર કહે છે
પરમાત્મા આપણાં હૃદયમાં ચૈતન્યરૂપ બેઠેલાં છે.
ચૈતન્યરૂપ શિવસ્વરૂપે. આ કથન ને આપણે
અનુભવવાનું છે. તમે લાખો દૂર ગયા કોઈએ ભાળ્યા
એ આત્મા ન ભૂલાય. મારા સાથે છે એવો ભાવ રહ્યા
કરે તેનો સંતોષ રહે તેવા રહેવાશે. પછી થાય
પૂર્ણાનંદ વૃદ્ધ. વૃદ્ધ થી આત્માના અનુભૂતિ થાય.

આત્માનુભૂતિ નું આનંદ અનંત અનુભવું છું. અહંકાર
પણ નિરંતર ન રહે. મન વ્યવહાર માં ઉતારવું
માં ફરીએ. સમજણપૂર્વક પોતાના સ્વરૂપને લક્ષમાં
માં બેસાડી દઈ શાંતિપૂર્વક વ્યવહાર પતાવ કરે!
આ શરીર માં પ્રારબ્ધ અનુસાર રહેવાનું.
છે ત્યાં સુધી રહીએ. અને જે વિચારે તેવાનું જ
છે તેના માટે આવનારના તૈયાર રહીએ. આ ~~આત્મ~~
આત્મ અનંત છે. જેવા સુંદર ગુરુ. શિષ્ય આત્મ
અનુભવ રહે છે તેનો સ્વરૂપ આત્મ છે. પરમાત્મા
આવનાર બાપજી પુસ્તક જેવા સૂક્ષ્મ આત્મ છે
મારા આત્મ આત્મ રહે ત્યારે ગુરુમાતા પોતે જ
કરે છે.
દેહઆત્મ હાસ્યોક્રમ - કેવળઆત્મ વ્યવહાર:
સમજણ માં જોઈ આપો કોઈના શબ્દ જુદા પડે
છે? મારા શબ્દોની ફીલ પ્રભુ સ્વરૂપ. એટલે
કોઈ જુદું નથી બધું પરમાત્મા જ છે.

203. અનંત સ્વરૂપ આત્મા.

પરમાત્મ પ્રભુ ફરી તત્વમસિ બોધ આપી
શરણાગત ને પોતાનું સાચું સ્વરૂપ દર્શન
કરાવે છે. ઉપદેશ આપીને કહ્યું શોધ, આ
છે તત્વમ અસિ. તું તત્વ છું. તું પોતે જ
છું એને શોધ.
એમણે ઘણા અમલ સુધી જુદી જુદી બાબતો
ને ઉંડાણ પ્રભુમહિમા આપી. પ્રભુને શોધવા

અનેક વ્યાખ્યાઓ કરાતાં, નાદબ્રહ્મ, આકારબ્રહ્મ અન્ન-જળ પણ બ્રહ્મ છે પરંતુ કહેવું તત્ત્વમસિ નું એ બ્રહ્મ નું તત્ત્વ છે. જેને મહારાજ બ્રહ્મ--સંબંધ ઓળખાવે છે.

તત્ત્વમસિ સચ્ચિદાનંદ રૂપ એ પરમાત્મા છે જેને ઉપનિષદો સત્યમ્ શિવમ્ સુંદરમ્ કહે છે. સત્યમાં જ આનંદ છે. આનંદ માં જ ચિત્ત છે. અને ચિત્ત માં આનંદ ના અંદર બ્રહ્મ રહેલું છે. આમ નાદ આપ્યું 'શ્રી સંતરામ મહારાજ સત્ય છે.'

ભાગવત માં પહેલાં શ્લોક ના અંદર પણ કહેવું સત્યમ્ પરમ્ ધીમહિ. પરમતત્ત્વ એ જ સાચું તત્ત્વ છે. તેથી આ જગત એ સૃષ્ટિ છે જ નહીં. જે સર્વોપરી છે તે જ સત્ય. માટે કહ્યું 'સચ્ચિદાનંદરૂપાય શ્રી સદ્ગુરુ દેવાય નમઃ' આપ સત ચિત્ત આનંદ સ્વરૂપ છો. સંસ્કૃત બોલતાં ફાવે નહીં, સમજાય પણ નહીં. માટે લખ્યું 'શ્રી સંતરામ મહારાજ સત્ય છે.' સત્ય ક્યારેય પરિવર્તનમાન થતું નથી. દર્શન થવું. તો જ સંબોધન કર્યું કહેશે!

આ સત ચિત્ત આનંદ નો વ્યાપક બ્રહ્મ છે. પરબ્રહ્મ-સત્ય સકળ સૃષ્ટિ ના અંદર જડ-ચેતન ના અંદર રહેલું છે. આ સત્ય આનંદ સ્વરૂપ આપણા માં છે. જે, પણ વિકાર રૂપી અહંકાર ના માંયરા જ આવે છે. દુર્ભાવ માંયરા જ

કલેશ - ફફળાટ ઉભો થાય છે. આપણું આત્માનું સ્વરૂપ સૂક્ષ્મતમ છે પણ દુનિયાનો વ્યવહાર, આ સંસાર રૂપે જે આપણા ચારેબાજુ ભીંતને ખડકી દે છે. આપણા અસલ સ્વરૂપને ઢાંકી દે છે. દુનિયાના વ્યવહાર ના કારણે આપણું પોતાનું પરમ સત્ય સ્વરૂપ આપણે પોતે જ જોઈ શકતાં નથી. આપણો જ વ્યવહાર આપણાં સ્વરૂપને આવરી લે છે. પ્રપંચ ના વ્યવહાર, જૂઠાણાં વ્યવહાર, વાસ~~નાઓ~~ના આ નો વ્યવહાર, વિકૃતિઓ નો વ્યવહાર અને આપ-લે માયાજાળ ને એવો આવરી લે છે કે તે પોતાના જ સ્વરૂપ સુધી પહોંચી જ ના શકે.

આપણાં પોતાનાં કર્મ વડે જ આપણે સ્વરૂપ સુધી પહોંચી શકીએ. મહાદેવ એ આંખો મીંચી વિચારતાં રામ-લક્ષ્મણ ને વનમાં જાતે જોયાં. તેમણે જોયું કે 'આ તો ભગવાન પોતે માનવરૂપે વિચારી રહ્યા છે. તો પછી જરા સંકોચાઈને ગુણગાન કરીને એમણે અંતરિક્ષ માંથી ભગવાન ને પ્રણામ કર્યાં. આમ ભગવાન શિવ ને પણ રામમાં સત્ય શિવ આનંદ સ્વરૂપ નાં દર્શન થયાં!

આપણાં પોતાનામાં આત્માનું પરમ સત્ય છે એનું જ સદૈવ દર્શન કરો. બાકી બીજું જે ~~કંઈ~~ કાંઈ જોશો તે જૂઠ છે, માયા છે વ્યવહાર-પ્રપંચ જ છે. એને આવશ્યક માની ને વળગવાનું બંધ કરવું પડશે. પછી આનંદ

જે સત્ય છે તેમાં જ રહેલો છે. સત્યસ્વરૂપ માં ક્લેશ નથી, દુઃખ નથી, અશાંતિ નથી માત્ર આનંદ છે.

આનંદમ્ બ્રહ્મ ઇતિ વ્યજાનાત્

ઉપનિષદ માં ગુરુ મહારાજ શિષ્યને સમજાવે છે કે 'આનંદ એ જ બ્રહ્મ છે.' અહંકારના જે કાંઈ વિકૃતિ છે એ બધા આપણા આત્માને શોધવા દેતા નથી, આત્માને સમજવા દેતા નથી. આ જગત નો વ્યવહાર - સંસાર વૃત્તિઓ અંદર જોવા - જવા દેતો નથી બહાર જ વ્યસ્ત રાખી મૂકે છે.

વૃત્તિઓ જો અંતર્મુખ થાય તો તો આત્મા માં જ ભળી જાય પછી કોઈના સાથે સંઘર્ષ જ ન થાય. કારણ એ સત્યસ્વરૂપ જ છે. સંઘર્ષ તો હંમેશા અસત્ય ની સાથે જ કરવો પડે. તમે પોતાનાં સ્વરૂપ માં જતા રહો તો પછી આનંદ જ આનંદ !

આત્મા કેન્દ્રસ્થાન છે આ તેની સંપત્તિ છે. સત્સંગ વડે આ સ્વરૂપ નો બોધ સત્સંગ સમજ ને કરવાથી ભગવાન જોડે નિકટતા થાય પછી સ્પર્શ થશે તે જીવન ને અપૂર્વ રંગ અને નવી ઉર્જા આપશે.

આપણે હંમેશાં અસત્ય એવા આ વ્યવહાર માં જ ભટકતા ફરીએ છીએ પણ રામ તો અંદર બેઠો છે આત્મારામ !

અંદર એના તરફ જવા પ્રયત્ન કરજો, નિત્ય અભ્યાસ કરજો, સદૈવ સત્સંગ કરો. ચિંતન અને મનન એનું જ રાખજો તો જ અંદર આત્મસ્વરૂપ માં પ્રવેશ થશે.

બસ આટલું આપણું અજ્ઞાન દૂર અનંત પરમાત્મા નો બોધ કરી જ લો આ વખતે સંસાર બહુ મજાનો લાગશે હવે તો નિજરૂપ થઈ પરમાત્મા ને તો નિહાળી જ લો. જેમ સરસ-સુગંધદાર રસોઈ બની હોય તેને જોતાં જ થાય કે ચાખો જમાડશે. સરસ જમા રહેલાં પછી ફરી થાય કે તૃપ્ત થઈ ગયા. સંતોષ થયો. ઓડકાર આવ્યો. જે અન્ન પહેલા જુદું દેખાતું હતું એને આરોગી લીધું પછી એ આપણામાં આવી ગયું. હવે એ અન્ન આપણાથી જુદું રહ્યું નથી. એ હવે આપણા નિજરૂપ આત્મસાત થયું. આમ સત્સંગ એ સત્યને આ રીતે પોતાનામાં સ્વીકારી લેવાનું છે. આત્મસાત કરવાનું છે.

૨૦૫ સચ્ચિદાનંદરૂપ આત્મા.

વૃત્તિઓ જ્યારે જ્યારે મન વડે ભૌતિક જગતમાં ભમે છે ત્યારે આત્મા દેખાતો નથી. આત્માની અનુભૂતિ થતી નથી, અને જ્યારે મન વૃત્તિઓને પોતાનામાં સમાવી ને સ્વરૂપ ના અંદર પ્રવેશે છે પછી આત્મા સિવાય કાંઈ જ દેખાતું નથી. આમ વૃત્તિઓ જ્યાં

સ્પર્શે છે, ક્યાં વિચાર રહે છે એના ઉપર બધો
આધાર છે. મન બહિર્મુખ થતા જ ચીંતાઓ
પાછળ દોડશે અને દુઃખોની પરંપરા શરૂ.
પડશે જો મન અંતર્મુખ રહેશું તો તે શાશ્વત
અંતર્મુખ આનંદથી બહાર જગત માં દુઃખ
જડશે જ નહીં.

મન ના પ્રવૃત્તિઓ છે તેને જ વૃત્તિઓ
કહે છે. હવે વૃત્તિઓને વાળો તેમ વળે. મન
એક જ છે વૃત્તિઓ અનેક છે એટલે વારા-
ફરતી આ વૃત્તિઓ જાગે ત્યારે આત્માને
આપણાને કોઈપણ સ્થિતિમાં મુકી દે, ઘડીકમાં
મૂર્ખ બનાવે, સમજણ વગર ના બનાવે છે. પણ
જો વૃત્તિ અંતર્મુખ થશે તો ડહાપણ બનાવે
સદાચારી બનાવે શાશ્વત ઉત્તમ બનાવે.

સચ્ચિદાનંદરૂપ આત્મા સ્વયં આનંદ
સ્વરૂપ છે. માટે આત્માને સમજો. આત્માને જ
સત્ય સમજો- જેનાથી ભરેલું છે તે અસત્ય
નશ્વર, શાશ્વત છે, વિજ્ઞાનવાળું છે. આત્મા
ની અનુભૂતિ કરી જ તો પછી અનિર્વચ-
-નીય આ નવા જીવ. આત્માની અનુભૂતિ
કરી જ તો પછી બોલવાના દરવાજા જ નથી!
બોલવાને શું કરવું છે? અંતર્મુખની અનુભૂતિ
કરી લઈએ, એને સમજી લઈએ, આચરણ
લઈએ. હવે બીજા કોઈ ની કે કશાની જરૂર
પણ ક્યાં છે? મિત્રતાનું મિત્ર લાગે!

હતું તો ખરું પણ એનાથી વિસ્મૃત થઈ ગઈ
હતા. - આત્મા માટે આપણને જેવો સુખ
અસ્તાન સ્થિતિ છે ત્યાં સુખ છે ઇન્દ્રિયગમ્ય નથી.
પણ જ્યારે પાકટતા આવે, સમજણ આવે એમ
સત્સંગ દ્વારા સમજાય ત્યારે થાય કે આતો
મારા પાસે જ હતું અને મને મળ્યું.

બધા શાસ્ત્રોએ પણ કહ્યું છે કે આત્મા
સચ્ચિદાનંદ સ્વરૂપ છે. પણ જેવો સુખ સમજાયું
નથી ત્યાં સુધી આપણે તેને નથી અનુભવી
શકતા, નથી પ્રાપ્ત કરી શકતા. આપણાં નિત્ય
માં અંદર પડ્યું બ્રહ્મ છે, આનંદ છે પણ એના
માટે સતત જાગૃત રહેવું પડે. જ્યારે એની સતત
જાગૃતિ થશે તો સચ્ચિદાનંદ ની અનુભૂતિ થશે.

એક વાત યાદ રાખજો. પરબ્રહ્મ પરમાત્મા
કે આત્મા કોઈ સ્થૂલ સ્વરૂપ નથી. એ તો સૂક્ષ્માતિસૂક્ષ્મ
સ્વરૂપ છે. અલૌકિક છે એને તો મન પણ ના સમજી
શકે, ઈન્દ્રિયો પણ ના પહોંચે. એટલે એને અગમ
અગોચર કહ્યો. વિશ્વાત્મા મારા આરાધ્ય દેવ
છે એમણે મને પણ વિશ્વાત્મા આનંદબ્રહ્મ
બનાવી દીધો. આમ પોતાની અનુભૂતિ વડે પોતે
જ સમજ તે ટેવાઈ ગયા હોઈએ એટલે પછી બહાર
ના ગમે તેટલા ઉપાયો એના અંતર્મુખતાને
સ્પર્શી જ ના શકે. ફેરફાર કરી ના શકે.

પોતે પોતાનાં સ્વરૂપ ના અંદર બેસી ગયા.
બહાર ભલે ને જે થતું હોય તે. એ હું નથી, મારું નથી,

મને સારીનું નથી એમ જો થોડીક વૃત્તિ ફેરવે તો અંતર્મુખ થતા વાર નહીં લાગે. ક્યારેક નિરાંતે બેસજો. એકાંત માં એકલા બેસવાનું. મન ની વૃત્તિઓને ધીરે ધીરે ફેરવવાથી બહારથી વાળી લેવાની. આપણી વૃત્તિઓ આપણાં પતંગો છે દૂર સુદૂર ઉડાડી પણ દોરી તો આપણાં હાથ માં જ છે. ધીરે ધીરે ખેંચી લેવી. આ ભાગવત પુરાણ માં આવે છે. વૃત્તિઓને પોતાનામાં સમાવતાં શીખીએ, અનુભવીએ. ઈશ્વર પર શ્રદ્ધા રાખો તો આજે નહીં તો કાલે વૃત્તિઓ સમાપ્ત થશે જ અને સમાપ્ત થઈ જશે. જ્યારે દેહાભ્યાસ થવાનાકુશે તે વખતે દરેક ને એવી પરિસ્થિતિ તો આવવાની જ છે. તે વખતે જો આપણે સમજેલાં હોઈશું તો થશે કે, બસ હવે શરીર છૂટી રહ્યું છે. એતો છોડનાર છે. મન કહેશે ના મરશે. જીવન માં જે કાંઈ જ્ઞાન સાંભળ્યું, સત્સંગ કર્યો છે તો હવે પોતાના મન ને પોતાનામાં સમાવી લઈએ.

206 શરીર માટે બહુ હાયવોય

સ્થૂલ સૂક્ષ્મ કારણ ને તો નહીં હું મારું.

શરીર પણ હું નથી, સૂક્ષ્મ પણ હું નથી માટે એને અજ્ઞાનવાળા કહ્યું. તું તો આનંદ છું, અવિનાશી છું, તારું મૃત્યુ છે જ નહીં. જે પાંચ ભૌતિક અને પંચકોષ નો સ્થૂળતા વાસ્તવિક નથી, ક્ષણભંગુર છે, શાશ્વત નથી. માટે આપણી વૃત્તિઓ પર ઉપર ઉઠી જવાનું. શરીર માં અધ્યાસ

નડી. શરીરના સ્ટેજ પણ આધ્યાત્મિકતાની. સામાન્ય
જીવો જ બહાર રીતે શરીર-મનને પંપાળે એને
પોષણ કરે. સ્થૂળ શરીરમાં જ પોતાનું અસ્તિત્વ
સમજે છે, અંદર આત્મા જોવાનું. દિવસો બાદ
ત્યારે ભારે છે પણ એવા દેહ ના આધ્યાત્મિકતા
આત્માના દર્શ ભાગ્યા વિચાર નથી. પાસ ઘણું
પણ ના આત્માના વર્ણ મા જેલમાં બહાર
રહે જુદું એના વર્ણ જ મને બહુ ગમે છે. હું તો પહેલી
વાર જોવા જ માંગતો નથી! હવે એના પુરાવા
કેવી રીતે થશે?

આ શરીર રાંધેલા અન્ન નું સ્ટોરરૂમ છે.
એ તો વિકૃત થશે, દુર્ગંધ આવશે. બગાડેલાં
અન્નના જેમ ગંધાય દુર્ગંધ હવે પડશે ને.
આત્મા ચૈતન્ય મનમાં ભાસ કરે. પણ તું બહાર
જા. અંદર જઈશ તો તું પોતે ડૂબેલો છું તે
આંતરમન ઝાંખશે. શરીરરૂપી ઘરમાં રહેનારો
તું છે. તું કાંઈ ઘર નથી ઘરમાલિક છું. તું
તત્ત્વ છું, આત્મા જ છું.

શરીરનો ઉપયોગ કરવાનું સાધન છે
બહાર જવા માટે બારણું છે. વિચારો પછી
પહેરેલા કપડાં બારણું છોડીને ઘરમાં જવાનું કે
બહાર બારણમાં જ બેસી રહેવાનું?

પૂર્ણ ભક્તિના ગુણાતીત સાથે વિચાર
કરવાનું. વિચારો વારંવાર મનમાં આવ્યા કરે
એને કહેવાય ગુણાતીત - પોતાના ધરમ ફેલાવવું

નું સતત ચિંતન કરવાનું. વ્યવહાર બહાર ગૂંચવણ રાખશો. વિચારો અંદર ગૂંચવણ રાખશે - એવા જીવનના ક્રિયાકર્મો બાબત આપણને વિક્ષેપ ન કરવા જોઈએ.

જેના નામ માટે રહે નહીં ઉર વિશે
એટલું નહીં ભૂલાય.
ચોવીસે નામ સદા રહે હૃદયમાં,
વિશ્વનું વિભુ સ્વામી રે -

એવું ઉચ્ચ અવસ્થા થઇ ગઇ. હું મારા પોતાના માં જ વિરમી ગયો, અંદર વિલીન થઇ ગયો
207 એક ભાવસ્થ - જેમ નું સ્વરૂપ.
સ્થૂળ ભાવ જ્યાં સુધી શરીરમાં હશે ત્યાં સુધી આત્મભાવ બનશે જ નહીં. દેહાસક્તિ હો ત્યાં ભાવ સમાધિ કેવી રીતે આવે?
પરંતુ આપણે પૂર્ણ હોઈએ. આમ જ્યાં પોતાના આત્મ સ્વરૂપ માં જ પૂર્ણતા હોય એ કેવળ ઉચ્ચ અવસ્થા કહેવાય? એને જ સતત ટકાવી રાખવાની. ત્યાંથી બહાર જ ફરવું હોય ત્યારે કાર્યના અંદર એકાકાર થવું એવું જ જરૂરી છે. ક્યાંની મંડપ માં શાકભાજી લઇને બેઠા. શાક છોલતાં છોલતાં કથા શું સાંભળવાના? એમાં તો એકાગ્રતા જોઇએ- સંપૂર્ણ અનુરાગ થી, એકાગ્રતા થી ધ્યાન દઈને સાંભળવાનું છે.
એમ દેહે કહેતાં વિદેહી થયા

અમે ભેદ ભવાટવ સર્વે ગૂંફ્યા.
એ ભેદ છે, સ્વરૂપ કે જેણે આપણને ઢાંકી
મૂકેલા છે. એના આધે 'ભવાટવ' આ જગત
જગતનું સ્વરૂપ પણ આપ ભૂલ્યા છો. આ
મનુષ્ય તરીકે જન્મેલા લોકોનું શું? પરમાત્મા.
પરમાત્મા અને આત્મા વચ્ચેનો ભેદ પણ
આપ ભૂલ્યા છો. આ જીવન, શરીર શેના માટે
મળ્યું એને પણ આપ ખૂબ સારી રીતે
સમજ્યા છો. આ પશુ-પંખીઓમાં કંઈ આ
સમજ છે? આપણાં જગતનો સાચો અર્થ
ભેદ-ભવાટવ છે. જગતનું સ્વરૂપ શું છે?
તત્ત્વમસિ. તું પોતે જ છું.
હનુમાનજી એક દિવસે આંગણામાં હતા. તેઓ
ચુપ બેસી રહેલા હતાં. ભગવાનજીએ પૂછ્યું
'ભાઈ હનુમાનજી, કેમ બેસી રહેલા છો?'
કા ચુપ સાધિ રહેઉ બલવાના
પવનતનય બલ, પવન સમાના.
પોતાનાં માં રહેલા આત્મશક્તિની જાગૃતિ
સદ્ગુરુ કરાવે છે. [illegible] સંબોધનથી.
દરેકના પોતાના નામથી સંબોધિત કરવામાં
આવે ત્યારે એ વ્યક્તિ સમજે છે કે 'આ મારા
માટે જ કોઈ આદેશ કે ઉપદેશ છે. એવી રીતે
'તત્ત્વમસિ' સંબોધન દરેકના માટે કર્યું
પંચમહાભૂતિક દેહ કે ભાવ ભરી રહે છે એ
વલોણામાંથી નીકળેલું માખણ, આપણું પોતાનું

નાટક છે. પુનિત મહારાજે કહેલું કે 'આ સંસાર નો ખારો છે.

માટે, ટાયપ દવાંપદ વ્યાજદીને અસિપદમાં વિચારદ્વાર.

બદબદતા કીચડમાં મળ, ફીણ એને પાછો ફાટે તો પાછો ભેગો ને મહીં પાડે, ના બાપજી, મુક્તિ નાથન મેઈલ. ફરી દર સંભારવાનું છે.

નરક અનુભવ

'જીવન સત્સંગ માટે તત્પર બનશો પછી તે વિચારનાં અખિલ રહસ્ય સમજશો. જીવનનું ધ્યેય ઈશ્વર અને જીવન બંધાને સાર્થક કરશો કૃતાર્થ કરશો.

શરીરભાવ અને આત્મભાવ બંને અલગ અલગ વિચારો છે. શરીરભાવમાં કુમારા સંસાર અને એનો વ્યવહાર કરો જ. જ્યારે આત્મભાવ એટલે સર્વથા અનુરાગ બનીને મારા પોતાના માં જ, નિજ સ્વરૂપમાં જ એકાગ્ર બનીએ, ધ્યાનસ્થ થઈએ. ત્યારે મન સ્થિર બને. તે પછી સહજ ભાવથી શરીર, ઇન્દ્રિયો, મન ને, અહંકારના વ્યવહાર સહજ પણ સ્પર્શે નહીં. સુંદર વિચારધારાથી સાંસારિકતા માં મન, વિકાર રહિત બને જ શાંત થઈ જાય એટલે સુધી કે 'વૈરાગ્યાનંદ પરમસુખમ્' એનો અર્થ જ પરમ સુખ છે એ ભાવનો અનુભવ થાય, સંપૂર્ણ આત્મભાવ કે મન ને કોઈ પણ જાતની ઇચ્છા જ ના થાય

આ બધુ હશે ત્યારે સ્વભાવસ્થ થઈ જ પ્રાપ્ત થશે. એટલે મન સાથે નિરંતર વાતો કરો કે 'આ તું શું કરે છે? ક્યાં ભટકે છે? તારા પોતાનામાં સ્થિર રહે. આમ એ આપણામાં જ શાંત થઈ જશે. અંતર્મુખ થઈ જશે એટલે પછી બહાર જશે જ નહીં. અનુસંધાન કરો એટલે અનુભવ થશે પોતાનામાં કેટલી બધી શાંતિ છે, સંપન્ન છે પૂર્ણતા છે.

'ભટકતા ભાઈડુ રે, વાસના વિંઝાયું'. આમ સાનિધ્ય ફેરવાય એટલે શરીરના રોગો અને ઉપાધિઓનો તાપ દૂર થશે. તારું સ્વરૂપ કેવું છે તે તું જોઈ લે.

તત્ત્વમસિ વાક્ય: હું તત્ત્વ છું. એના દર્શન ના સાથે અનુભૂતિ કરાવે એટલે પછી પૂર્ણમદઃ પૂર્ણમિદમ્'. તું પૂર્ણ જ છે તારી પૂર્ણતાનું હંમેશા ચિંતન કર્યા કરજે. આ વ્યવહાર એ તો ભ્રમણા છે. એમાં તો ઉપલક વ્યવહાર કરતા છતાં સ્વરૂપમાં જ સ્થિર રહેવું. વ્યવહારના રૂઢ મગજમાંથી નીકળી જશો આમે એ તો કાલ્પનિક જ છે. માટે વ્યવહારને કદીય વાસ્તવિક ન સમજવો.

તત્ત્વમસિ મહાવાક્ય ફરકાવ્યું: હવે તમારા જીવન નું નાટક, નાટકીય જીવન પૂરું થઈ ગયું.

સ્વપ્નમાં આ મન કેટલું મોટું સર્જન કરે છે. પહાડ, પર્વત, સૂર્ય, નદી, સાગર, વૃક્ષ

મહારાજશ્રી બહુ સર્જન સ્વપ્ન માં થાય છે. એમ પરમાત્માનાં મન ના સુંદર પણ સત્યથી, તમારામાં એવા શક્તિ છે. મન માં કેટલાં સર્જનો કરી દીધાં! અરે સુંદર સર્જી નાખ્યા! પણ જાગૃત માં એક ટકો બનાવવાનો પણ ન આવે. આત્મવિશ્વાસ આટલું મોટું સર્જન કરે છે. આપણાં જીવન માં અપાર સર્જન શક્ય છે.

સ્વપ્નમાં તારા, નક્ષત્રો અને સૂર્ય પણ દેખાય, સ્વપ્ન માં એ સૂર્ય પ્રકાશ આપતો? શાનો સૂર્ય ઉગ્યો હશે? માટે જ કહ્યું 'તત્ત્વમસિ' તે તું જ છે. જાગૃત થતાં જ સ્વપ્નનાં પુરાવા ઘટી ગયા. આપણાં મન ના અંદર નિત્ય પુરાવા થતાં હોય છે. સૂક્ષ્મ સંકલ્પ નો ફરી નાશ પામતું નથી. તું તત્ત્વ છું આ મનાયું શરીર એ તું નથી. એ સંસ્કાર રૂપે સ્થાપિત કરે છે. બોલો શું કહ્યું? આત્મારામા. એ તો અમર છે તું અમર છું.

